ડૉ.અશોક પટેલ
એસ.યુ.જી.બીએડ્.કોલેજ
અમદાવાદ
તા.૨/૬/૨૦૦૬

# ૧૦ % થી ઓછું અને ૧૦૦ % પરિણામ લાવનારી શાળાઓનો તુલનાત્મક અભ્યાસ

અમદાવાદની એસ.યુ.જી.બી.એડ્.કોલેજ અને ચાણક્ય શિક્ષણ મહાવિદ્યાલયના તાલીમાર્થીઓ પાસે ઉપરોક્ત સર્વેક્ષણ કરાવવામાં આવેલું.આ માટે ગુજરાતમાંથી ૧૦ % થી ઓછું અને ૧૦૦ % પરિણામ લાવનારી ૧૫-૧૫ શાળાઓના વિદ્યાર્થીઓને કેટલાક પ્રશ્નો પૂછી તેમના અભિપ્રાય મેળવવામાં આવ્યા હતા. તે પ્રશ્નો અને વિદ્યાર્થીઓએ આપેલા અભિપ્રાય નીચે મુજબ છે. જેથી જાણવા મળશે કે ૧૦ % થી ઓછું અને ૧૦૦ % પરિણામ લાવનારી શાળાઓના કામ બાબતે શું તફાવત જોવા મળે છે.

- શાળામાં પૂરતાં શૈક્ષણિક સાધનો છે?
  ૧૦ % થી ઓછું પરિણામ લાવનારી બધી જ શાળાઓ પાસે પૂરતા શૈક્ષણિક સાધનો નથી. તો બીજી બાજુ ૧૦૦ % પરિણામ લાવનારી શાળાઓ પાસે પૂરતા શૈક્ષણિક સાધનો છે.
- શૈક્ષણિક સાધનોનો પૂરતા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે?
  ૧૦% થી ઓછું પરિણામ લાવનારી શાળાઓ પાસે પૂરતા પ્રમાણમાં શૈક્ષણિક સાધનો નથી, આમ છતાં જેટલા સાધનો છે તેટલાનો પણ પૂરતો ઉપયોગ થતો નથી તેવી ૨૦ % શાળાઓ છે. બીજી બાજુ ૧૦૦% પરિણામ લાવનારી શાળાઓમાંથી ૩૦% શાળાઓ પણ પૂરતા પ્રમાણમાં શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરતી નથી.
- વિદ્યાર્થીઓના ગૃહકાર્યની ચકાસણી નિયમિતપણે કરવામાં આવે છે?
  ૧૦ % થી ઓછું પરિણામ ધરાવતી ૬૦% શાળાઓ અને ૧૦૦ % પરિણામ લાવનારી ૨૦ % શાળાઓમાં ગૃહકાર્યની ચકાસણી નિયમિત કરવામાં આવતી નથી.
- વિદ્યાર્થીઓને ઉપચારાત્મક શિક્ષણ આપવામાં આવે છે?
  સારું કે નબળું પરિણામ ધરાવતી ૭૦% શાળાઓમાં ઉપચારાત્મક શિક્ષણ આપવામાં આવતું નથી. એટલે કે વિદ્યાર્થીઓને એકવાર શીખવાડ્યા પછી ન આવડે તો પણ તેણે જાતે જ શીખી લેવું પડે છે. શાળાઓ ફરીથી શીખવતી નથી.
- વિજ્ઞાનના વિષયમાં પ્રયોગશાળાનો ઉપયોગ કરવામાં આવે છે?
  સારું પરિણામ ધરાવતી ૭૦% શાળાઓમાં વિજ્ઞાનના પ્રયોગો કરાવવામાં આવે છે. જ્યારે નબળું પરિણામ ધરાવતી ૮૦% શાળાઓમાં વિજ્ઞાનના પ્રયોગો કરાવવામાં આવતા નથી. સારી શાળાઓમાં વિદ્યાર્થીઓને ક્યારેક પ્રયોગશાળામાં લઈ જવામાં આવે છે, પરંતુ નબળું પરિણામ ધરાવતી શાળાઓના વિદ્યાર્થીઓને ક્યારેય પ્રયોગશાળામાં લઈ જતા નથી. આવી શાળાઓમાં પ્રયોગશાળા જ નથી હોતી.
- સામાજિક વિજ્ઞાન (સ.વિ.) નો વિષય શીખવવામાં નકશાનો ઉપયોગ કરવામાં આવે છે?
  સારું પરિણામ ધરાવતી ૮૦ % શાળામાં નકશાનો ઉપયોગ કરવામાં આવે છે, જ્યારે નબળું પરિણામ ધરાવતી ૯૦% શાળામાં નકશાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
- ગુજરાતીના શિક્ષક કાવ્યગાન સંભળાવે છે?
  સારું કે નબળું પરિણામ ધરાવતી ૮૦ % શાળાઓમાં શિક્ષકો કાવ્યગાન સંભળાવતા નથી.
- અંગ્રેજીના શિક્ષક શીખવતી વખતે મોટાભાગે અંગ્રેજીમાં બોલે છે?
  નબળું કે સારું પરિણામ ધરાવતી ૫૦ % શાળાઓમાં અંગ્રેજીના શિક્ષક ગુજરાતીમાં જ બોલીને ભણાવે છે.
- તમારી સમસ્યાઓ શિક્ષકો સામે રજૂ કરી શકો છો?
  ૯૦ % શાળાઓમાં વિદ્યાર્થીઓ પોતાની સમસ્યા શિક્ષકો સામે રજૂ કરી શકે છે.
- પી.ટી.નો તાસ મેદાન પર લેવાય છે?

સારું પરિણામ ધરાવતી ૭૦ % શાળાઓમાં અને નબળું પરિણામ ધરાવતી ૮૦ % શાળાઓમાં પી.ટી.નો તાસ મેદાન પર લેવાય છે. ૨૦ % શાળાઓ પાસે મેદાન જ નથી.

- તમને કયા વિષયનો અભ્યાસ કરવો ગમે છે?
  સારું પરિણામ ધરાવતી શાળાના વિદ્યાર્થીઓને ગણિત-વિજ્ઞાન અને નબળું પરિણામ ધરાવતી શાળાના વિદ્યાર્થીઓને ભાષાકીય વિષયો વધુ ગમે છે.
- દર અઠવાડિયે સમૂહ કવાયત કરાવવામાં આવે છે?
  ૩૦ % શાળાઓમાં જ નિયમિત સમૂહ કવાયત કરાવવામાં આવે છે.
- શિક્ષકો નિયમિતપણે વર્ગમાં સમયસર આવે છે?
  નબળું પરિણામ ધરાવતી ૫૦ % શાળાના શિક્ષકો નિયમિત પણે શાળામાં કે વર્ગમાં સમયસર પહોંચતા નથી. ૧૦૦% પરિણામ ધરાવતી શાળાના શિક્ષકો નિયમિતપણે શાળાાને વર્ગમાં જાય છે.
- શિક્ષકો તાસનો પૂરો સમય વર્ગમાં શિક્ષણકાર્ય કરાવે છે?
  સારું પરિણામ ધરાવતી ૯૦% શાળામાં શિક્ષકો તાસનો પૂરેપૂરો સમય શેક્ષણિક કાર્ય કરાવે છે, જ્યારે નબળું પરિણામ ધરાવતી ૪૦% શાળાના શિક્ષકો વર્ગનો પૂરેપૂરો સમય શૈક્ષણિકકાર્ય કરતા નથી.
- તમને અન્ય સંસ્થા કે શાળામાં પ્રવૃત્તિમાં ભાગ લેવા મોકલવામાં આવે છે?
  સારું પરિણામ લાવનારી ૧૦૦% શાળા આ પ્રવૃત્તિ કરે છે, તો નબળું પરિણામ લાવનારી એક પણ શાળા વિદ્યાર્થીને બહાર મોકલતી નથી કે પ્રવૃત્તિની વિદ્યાર્થીને જાણ પણ કરતી નથી.
- શિક્ષક દ્વારા વર્ગમાં અવારનવાર પરીક્ષા લેવામાં આવે છે?
  ૧૦૦% પરિણામ ધરાવતી ૮૦% શાળામાં આ પ્રવૃત્તિ થાય છે, તો ૧૦%થી ઓછું પરિણામવાળી ૮૦% શાળામાં આ પ્રવૃત્તિ થતી નથી.
- પરીક્ષામાં જે ખોટું પડયું હોય તે ફરીથી શીખવવામાં આવે છે?
  ૧૦૦% પરિણામ ધરાવતી બધી જ શાળામાં પરીક્ષા પછી પ્રશ્નપત્રની ચર્ચા થાય છે અને પરીક્ષામાં ખોટું પડયું હોય તે જો વિદ્યાર્થી કહે તો ફરીથી શીખવવામાં આવે છે,જ્યારે ૧૦%થી ઓછું પરિણામવાળી બધી જ શાળામાં ઉપરોક્ત બાબત થતી નથી.
- તમને શાળામાં શાળા સમય સિવાય પણ અભ્યાસ કરાવવામાં આવે છે?
  ૧૦%થી ઓછું પરિણામવાળી ૪૦% શાળામાં શાળા સમય સિવાય પણ અભ્યાસ કરાવવામાં આવે છે, પરંતુ તે પરીક્ષાના સમય પૂર્વે જ. ૧૦૦% વાળી શાળામાં આ થતું નથી.
- મોટાભાગના વિદ્યાર્થીઓ સમાચારપત્રો વાંચે છે?
  ૧૦૦% પરિણામ ધરાવતી શાળાના ૧૦૦% વિદ્યાર્તીઓ સમાચારપત્રો વાંચે છે. જ્યારે ૧૦%થી ઓછું પરિણામવાળી ૩૦ % શાળાના ૨૦% વિદ્યાર્થીઓ સમાચારપત્રો વાંચે છે.
- પ્રોક્ષી તાસમાં શું કરાવવામાં આવે છે?
  ૧૦૦% પરિણામ ધરાવતી શાળામાં અન્ય વિષયનું શિક્ષણકાર્ય કે જે તે વિષયનું શિક્ષણકાર્ય કરાવવામાં આવે છે. ૧૦%થી ઓછું પરિણામવાળી શાળામાં રમત કે ગૃહકાર્ય કરાવવામાં આવે છે.